BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

"જ્યોતિર્મય" પરિસર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,

સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી, અમદાવાદ-382 481.

**Website : www.baou.edu.in**

નં.બાઆંઓયુ/રજી/વહી/ 149 /2020 તા. 16/03 /2020

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: CRN/102020/15032020/KH2, તા.15/03/2020.

(2) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: પરચ/112020-151-વ.2.

(3) Guidelines regarding the precautions to be taken against spread of COVID-19.

## પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન તમામ અભ્યાસ કેન્દ્રોના અને પ્રાદેશિક કેન્દ્રોના સંચાલકશ્રીઓને જણાવવાનું કે, હાલમાં WHO દ્વારા કોરોના વાઈરસની મહામારી જાહેર કરવામાં આવેલ છે, રાજ્ય સરકારશ્રીના સંદર્ભમાં દર્શાવેલ જાહેરનામાં અનુસાર શિક્ષણ સંલગ્ન કોલેજો, પીજી સેન્ટર અને યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો તા.16/03/2020 થી તા.31/03/2020 સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવા જણાવવામાં આવેલ છે. તે અન્વયે યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રો અને પ્રાદેશિક કેન્દ્રોનું શૈક્ષણિક અને પરામર્શન કાર્ય બંધ રાખવા જાણ કરવામાં આવે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા Exam on Demand - March 2020 અંતર્ગત પરીક્ષાઓ તા.16/03/2020, સોમવારના રોજ શરૂ થનાર હતી. તે વિદ્યાર્થી હિતમાં કોરોના વાયરસના ફેલાવો ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના સુચનાઓને અનુલક્ષીને તા.16/03/2020, સોમવારના રોજથી શરુ થતી Exam on Demand - March 2020 અંતર્ગત પરીક્ષાઓ હાલ મોકૂફ રાખવામાં આવે છે. આ પરીક્ષા અંગેના નવા સમય પત્રક અંગેની જાણ આગામી સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉપરોક્ત સમયગાળા દરમ્યાન અભ્યાસ કેન્દ્રો, પ્રાદેશિક કેન્દ્રો ખાતે શૈક્ષણિક કર્મચારીઓ તથા વહીવટી કર્મચારીઓએ રાબેતા મુજબ ફરજ પર હાજર રહેવાનું રહેશે અને રાજ્ય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે, તેમજ આ સાથે સામેલ Precautions to be undertaken by all higher education institutions in Gujarat to prevent the spread of COVID-19 (Novel Corona Virus)ની અમલવારી કરવા અંગેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર સંબંધિત ફાઇલ પર માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવીને બહાર પાડવામાં આવે છે.

ડૉ. ભાવિન ત્રિવેદી
કા. કુલસચિવ

(PTO)